પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર યોજના
(સરકાર માન્ય વાજબી ભાવની દુકાન)ની
નીતિ પરત્વે કોમ્પ્યુટરાઈઝેશનને અનુરૂપ
નમુના તૈયાર કરવા બાબત.

**ગુજરાત સરકાર**
અન્ન, નાગરીક પુરવઠા અને ગ્રા. બા. નો વિભાગ
પરિપત્ર ક્રમાંક : વભદ/૧૦૨૦૧૦/૩૦૯૬/ક
૧૪, સરદાર ભવન, છઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૯/૦૩/૨૦૧૧

<u>વંચાણે લીધા</u> :–

૧. અન્ન, નાગરીક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગના ઠરાવ ક્રમાંક : વભદ/૧૦/૨૦૦૨ /૪૮૭/ક તા.૨/૮/૨૦૦૪.
૨. અન્ન, નાગરીક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગના ઠરાવ ક્રમાંક : વભદ/૧૦/૨૦૦૨ /૪૮૭/ક તા.૨૪/૨/૨૦૦૫.
૩. અન્ન, નાગરીક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગના ઠરાવ ક્રમાંક : વભદ/૧૦/૨૦૦૨ /૪૮૭/ભાગ–૧/ક તા.૨૧/૮/૨૦૦૬.

<u>આમુખ :–</u>

ઉકત વંચાણે લીધેલ ઠરાવ (૧) થી જાહેર વિતરણ વ્યવસ્થામાં પંડિત દીન દયાળ ગ્રાહક ભંડારો ખોલવા અંગેની નીતિ જાહેર કરવામાં આવેલ છે. જેમાં વંચાણે લીધા ઠરાવ ક્રમ (૨) અને (૩) થી વખતોવખત નીતિમાં સુધારા / ફેરફારો કરવામાં આવેલ છે. જિલ્લા કક્ષાએ વાજબી ભાવની દુકાનો માટે જાહેરાત, અરજદારો તરફથી મળતી અરજીઓ, સ્વસહાય જૂથોના પાત્રતાના ધોરણો વગેરે બાબતોમાં નીતિ પરત્વે વધુ સ્પષ્ટતા કરવાની જરૂર જણાયેલ છે. તદ્ઉપરાંત જિલ્લા કક્ષાએ પાત્રતા ધરાવતા યોગ્ય ઉમેદવારોની પસંદગી સરળ અને વધુ પારદર્શક બને તે બાબત સરકારશ્રીની વિચારણામાં હતી. વ્યાજબી ભાવની દુકાનની જાહેરાતના નમુના, અરજીપત્રકોના નમુના, અરજીઓ સાથે રજુ કરવાના દસ્તાવેજી પુરાવાઓમાની વિગતો વિસ્તૃત અને સ્પષ્ટ રીતે મળે તથા કોમ્પ્યુટરાઈઝેશન માટે અનુકુળ બને તેવા (Computer friendly) ચેક લીસ્ટ અને નમુનાઓ બનાવવા જરૂરી બનેલ છે.

## <u>ઠરાવ</u>

ઉપર આમુખની વિગતોને ઘ્યાને લઈ પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ નીતિમાં સુધારો અને ફેરફાર કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

**(૧) દુકાન ખોલવા બાબત :–** વિભાગના તા. ૨/૮/૨૦૦૪ ના ઠરાવ મુજબ ગ્રામ્ય વિસ્તારમાં ૨૦૦૦ ની વસ્તી તથા શહેરી વિસ્તારમાં ૫૦૦૦ ની વસ્તીએ દુકાન ખોલવાનું ધોરણ છે. સાથે સાથે બે દુકાન વચ્ચેનું અંતર ૩ કિ.મી. થી વધુ ન હોવું જોઈએ. આ બન્ને બાબત સાથે દુકાન ખોલવા માટે કાર્ડની સંખ્યા જોવી જરૂરી છે. નવી ખોલવા પાત્ર દુકાન પોષણક્ષમ છે કે કેમ ? તે બાબત પણ ઉપરના બન્ને ધોરણો સાથે ધ્યાને લેવી જરૂરી છે.

**(૨) ઓછામાં ઓછું રોકાણ :–** તા.૨/૮/૨૦૦૪ ના ઠરાવના પારા નં. ૭.૧૨ રદ કરી તેના સ્થાને નીચે મુજબની જોગવાઈ પ્રમાણે કાર્યવાહી કરવાની રહેશે.

અરજદાર ઓછામાં ઓછા રૂા.૨૫,૦૦૦/– નું રોકાણ કરી શકે તેવી સ્થિતિમાં હોવા જોઈએ.

**(૩) ઓછામાં ઓછું રોકાણ (સ્વસહાય જૂથ) :–** તા.૨૧/૮/૨૦૦૬ ના ઠરાવના પારા નં. ૬(૪) રદ કરી તેના સ્થાને નીચે મુજબની જોગવાઈ પ્રમાણે કાર્યવાહી કરવાની રહેશે.

અરજદાર સ્વસહાય જૂથ ઓછામાં ઓછા રૂા.૨૫,૦૦૦/– નું રોકાણ કરી શકે તેવી સ્થિતિમાં હોવા જોઈએ.

**(૪) જાહેરાત :–** તા.૨/૮/૨૦૦૪ ના ઠરાવના પારા નં. ૮.૧ માં દર્શાવેલ પરિશિષ્ટ–૧ ના બદલે આ સાથે સામેલ પરિશિષ્ટ–અ પ્રમાણે કાર્યવાહી કરવાની રહેશે. ટૂંકમાં પરિશિષ્ટ–૧ નું સ્થાન પરિશિષ્ટ–અ લેશે.

જાહેરાતની નકલ નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠાની કચેરીને અવશ્ય મોકલવાની રહેશે.

**(૫) અરજીપત્રક (શિક્ષિત બેરોજગાર માટે) :–** તા.૨/૮/૨૦૦૪ ના ઠરાવના પારા નં. ૮.૬ દર્શાવેલ પરિશિષ્ટ–૨ ના બદલે આ સાથે સામેલ પરિશિષ્ટ–બ પ્રમાણે કાર્યવાહી કરવાની રહેશે. ટૂંકમાં પરિશિષ્ટ–૨ નું સ્થાન પરિશિષ્ટ–બ લેશે.

દુકાન મેળવવા માગતા શિક્ષિત બેરોજગાર અરજદારોએ પરિશિષ્ટ–બ મુજબના નમુનામાં અરજી કરવાની રહેશે. અરજીની વિગતો સંપૂર્ણ ભરાયેલ છે કે કેમ ? તેની ચકાસણી કરવા અરજીપત્રક સાથે ચેકલિસ્ટ રાખેલ છે. અરજદારે અરજીપત્રકો અને તેની સાથેના દસ્તાવેજી પુરાવા યોગ્ય રીતે બિડાણ થયેલ છે કે કેમ ? તેની ખાતરી કરી ચેકલિસ્ટમાં 'હા' / 'ના' બતાવવાનું રહેશે અને અરજીપત્રકની સાથે રજુ કરવાનું રહેશે.

**(૬) અરજીપત્રક (સ્વસહાય જૂથ માટે) :–** તા.૨/૮/૨૦૦૪ના ઠરાવના પારા નં. ૮.૬ મુજબ સ્વસહાય જૂથો / સહકારી મંડળીના અરજીપત્રકનો નમુનો ઉપયોગમાં લેતા હતા, તેના બદલે દુકાન મેળવવા માગતા સ્વસહાય જૂથ / સહકારી મંડળીઓએ આ સાથે સામેલ પરિશિષ્ટ–ક મુજબના નમુનામાં અરજી કરવાની રહેશે. અરજીની વિગતો સંપૂર્ણ ભરાયેલ છે કે કેમ ? તેની ચકાસણી કરવા અરજીપત્રકની સાથે ચેકલિસ્ટ

રાખેલ છે. સ્વસહાય જૂથ / સહકારી મંડળીએ અરજીપત્રક અને તેની સાથેના દસ્તાવેજી પુરાવા યોગ્ય રીતે બિડાણ થયેલ છે કે કેમ ? તેની ખાતરી કરી ચેકલિસ્ટમાં 'હા' / 'ના' બતાવવાનું રહેશે અને અરજીપત્રકની સાથે રજુ કરવાનું રહેશે.

**(૭) અરજી ફી :–**

તા.૨/૮/૨૦૦૪ ના ઠરાવના પારા નં. ૮.૭ રદ કરી તેના સ્થાને નીચે મુજબની જોગવાઈ પ્રમાણે કાર્યવાહી કરવાની રહેશે.

દુકાન મેળવવા માટેની અરજીના ફોર્મ પર રૂા. ૨૦/– ની કિંમતનો નોનજયુડીશીયલ એડહેસીવ સ્ટેમ્પ લગાવી અરજીપત્રક રજુ કરવાનું રહેશે. દુકાન મેળવવા માટેનું અરજી ફોર્મ (મામલતદાર કચેરીમાંથી વિનામૂલ્યે રૂબરૂ મેળવી શકાશે.)

**(૮) અપુરતી વિગતોવાળી અરજીઓ :–**

અધુરી વિગતોવાળી અરજીઓના ઉમેદવારો, સંસ્થાને અધુરી વિગતોની પૂર્તતા માટે એક તક આપવાની રહેશે. આવા ઉમેદવાર સંસ્થાને અરજી મેળવવાની છેલ્લી તારીખ પછીના ૧૦ દિવસમાં અધુરી વિગતો પૂર્તતા કરવાની છુટ આપી શકાશે.

**(૯) સ્વસહાય જૂથની પાત્રતા :–**

તા.૨૧/૮/૨૦૦૬ ના ઠરાવના પારા નં. ૬.૨(૨) રદ કરી તેના સ્થાને નીચે મુજબની જોગવાઈ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

સ્વસહાય જૂથ નીચે મુજબની શરતો પરિપૂર્ણ કરતા હોવા જોઈએ.

(૧) ઓછામાં ઓછા ૩ વર્ષથી કાર્યરત હોવું જોઈએ અને રીવોલ્વીંગ ફંડ મળેલ હોવું જોઈએ.

(૨) જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી/બેંક ધ્વારા ગ્રેડીંગ થયેલ હોવું જોઈએ.

(૩) આર્થિક પ્રવૃતિ કરતો હોવો જોઈએ.

(૪) સ્વસહાય જૂથના કુલ સભ્યો પૈકી ૫૦% થી વધુ સભ્યો એક જ કુટુંબના હોવા જોઈએ નહીં.

(૫) સ્વસહાય જૂથ / સહકારી મંડળીના સંચાલક / મંત્રી / પ્રમુખની શૈક્ષણિક લાયકાત ઓછામાં ઓછી એસ.એસ.સી. હોવી જોઈએ.

**(૧૦) દુકાનની કેટેગરી બાબત :–**

તા.૨૪/૨/૨૦૦૫ નો ઠરાવ રદ કરવામાં આવે છે. આથી દુકાનની કેટેગરી માટે નીચે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

દુકાન મંજુર કરનાર સત્તાધિકારીએ જાહેરાતમાં જે કેટેગરી દર્શાવેલ હોય તે કેટેગરીને જ દુકાન મંજુર કરવાની રહેશે. જાહેરાતમાં દર્શાવેલ કેટેગરીમાં યોગ્ય ઉમેદવારો ન મળતા તે જ કેટેગરી માટે બીજી વખત જાહેરાત આપવાની રહેશે. બે વખતની જાહેરાત બાદ યોગ્ય ઉમેદવાર ન મળે તો વિભાગના તા.

૨૩/૪/૨૦૧૦ ના ઠરાવની જોગવાઈ મુજબ પ્રથમ અગ્રતાએ સ્થાનિક ગ્રામ પંચાયત કે બીજી અગ્રતાએ સ્થાનિક કિરાણા સ્ટોર્સને સંમતિ મેળવી દુકાન ફાળવણીની કાર્યવાહી કરવાની રહેશે.

**(૧૧) દુકાન ફાળવણીના હુકમ :–**

દુકાન ફાળવણીના હુકમમાં અગ્રતા ક્રમ ધરાવતા અરજદાર કે બીજા કોઈ અરજદારને દુકાન ફાળવણી કરતા વાજબીપણું કે યોગ્ય કારણો દર્શાવવામાં આવતા નથી. આથી અન્ય બાકીના અરજદારોમાં અસંતોષ / નારાજગી ઉભા થાય છે અને સરકારશ્રી કક્ષાએ અપીલ કેસો દાખલ થાય છે અને અપીલ કેસની સંખ્યા વધે છે. આથી સંબંધિત કલેકટરશ્રીએ દુકાન ફાળવણી હુકમમાં જે ઉમેદવારને દુકાન ફાળવેલ હોય તેના વ્યાજબી કારણો ટાંકવાના / દર્શાવવાના રહેશે.

સદરહુ ઠરાવનો અમલ ઠરાવની તારીખથી કરવાનો રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**(મુકેશ મોદી)**
નાયબ સચિવ
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા. બા. વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

૧. સર્વે કલેકટરશ્રીઓ,
૨. સર્વે જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓ,
૩. નિયામકશ્રી, અન્ન અને નાગરીક પુરવઠાની કચેરી, સચિવાલય, ગાંધીનગર
૪. અન્ન નિયંત્રકશ્રી, અન્ન નિયંત્રકશ્રીની કચેરી, આશ્રમ રોડ, અમદાવાદ.
૫. માન. મંત્રીશ્રી, અ. ના. પુ. ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૬. માન. રાજય કક્ષાના મંત્રીશ્રી, અ. ના. પુ. ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૭. સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, અ. ના. પુ. અને ગ્રા. બા. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૮. સિલેકટ ફાઈલ.

# પરિશિષ્ટ–અ

પંડીત દીનદયાલ ગ્રાહક ભંડાર યોજના (સરકાર માન્ય વાજબી ભાવની દુકાનો)
ખોલવા માટે અરજીઓ મંગાવવા માટેની જાહેરાત

સરકારશ્રીના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગના ઠરાવ ક્રમાંક : વભદ/૧૦/૨૦૦૨/૪૮૭/ક, તા. ૦૨/૦૮/૨૦૦૪ તેમજ ઠરાવ ક્રમાંક : વભદ/૧૦/૨૦૦૨/૪૮૭/ભાગ–૧/ક, તા.૨૧/૦૮/૨૦૦૬, તા.૦૫/૧૦/૨૦૦૬ તથા તા. ૨૯/૦૩/૨૦૧૧ ની જોગવાઈ પ્રમાણે ............. જીલ્લાના ............ તાલુકામાં તેની નામ સામે જણાવેલ ગામોએ (અ) વધુ અંતરના કારણે (બ) જનસંખ્યાના ધોરણે, (ક) રાજીનામાને કારણે, (ડ) પરવાનો રદ થવાને કારણે બંધ થયેલ દુકાનની જગ્યાએ પત્રક–૧ મુજબના ગામોએ નવા પંડીત દીનદયાલ ગ્રાહક ભંડાર (સરકાર માન્ય વાજબી ભાવની દુકાન) ખોલવાના થાય છે.

પત્રક–૨ મુજબના ગામોએ અગાઉ તા. ................ ના રોજ જાહેરનામા બહાર પાડવામાં આવેલ તે ગામોએ યોગ્ય લાયક ઉમેદવાર ન મળવાના કારણે નવેસરથી જાહેરનામું બહાર પાડવાનું થતુ હોઈ ફરીથી નવેસરથી જાહેરનામું બહાર પાડવા નિર્ણય કરેલ છે. બંધ થયેલ દુકાન શરૂ કરવા માટે છેવટનો નિર્ણય થાય તે અપેક્ષાએ તે દુકાન ફરી શરૂ કરવા માટે નિયત નમુનામાં અરજીઓ મંગાવવામાં આવે છે.

જો છેવટનો નિર્ણય દુકાન ન ખોલવા માટેનો લેવાય તો અરજીઓ રદ થવાને પાત્ર રહેશે. ગામની સામે જણાવેલ 'કેટેગરી' મુજબના ખોલવા પાત્ર દુકાનના ૫૦% દુકાનો સ્થાનિક શિક્ષિત બેરોજગાર ઉમેદવારોને તથા ૫૦% દુકાનો સ્થાનિક સ્વસહાય જુથને વાજબી ભાવની દુકાનની ફાળવણી કરવાની હોવાથી તે જ ગામના ફકત સ્થાનિક શિક્ષિત બેરોજગારો / સ્થાનિક સ્વસહાય જુથ સહકારી મંડળીઓએ અરજી કરવી. જે કેટેગરીની જાહેરાત હશે તે કેટેગરીને જ દુકાન મંજુર કરવામાં આવશે. નિયત નમુનામાં કોરા અરજીપત્રકો જે તે તાલુકાની મામલતદાર કચેરીમાંથી વિનામૂલ્યે રૂબરૂમાં મળી શકશે. અરજીપત્રકો કામકાજના કલાકો દરમ્યાન તા. ............ સુધીમાં (જાહેર રજાના દિવસો સિવાય) સંબંધિત મામલતદાર કચેરીમાંથી મેળવી લેવાના રહેશે. સંપૂર્ણ વિગતો અને જરૂરી પુરાવા સાથે ભરેલા અરજીપત્રો તે જ કચેરીમાં પહોંચાડવાના રહેશે. અરજીપત્રક ઉપર રૂા. ૨૦/– ની કિંમતનો નોન જ્યુડીશ્યલ એડહેસીવ સ્ટેમ્પ

લગાવવાનો રહેશે. મુદત બહાર તેમજ અધુરી વિગતે રજુ થયેલ અરજીપત્રો રદ બાતલ ગણવામાં આવશે.

શરૂ થનાર તમામ વાજબી ભાવની દુકાનના સંચાલકે ફરજિયાતપણે વાજબી ભાવની દુકાન એફ.પી.એસ. મોડેલ સેન્ટર તરીકે શરૂ કરવાની રહેશે અને દુકાને ઈલેકટ્રોનિક વજન કાંટો પણ ફરજિયાતપણે વસાવવાના રહેશે.

## <u>પત્રક–૧</u>

| અ.નં. | તાલુકાનું નામ | ગામનું નામ | કેટેગરી |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |

## <u>પત્રક–૨</u>

અગાઉ જાહેરનામું બહાર પાડવામાં આવેલ, પરંતુ તે ગામોએ યોગ્ય ઉમેદવાર ન મળવાના કારણે નવેસરથી જાહેરનામું બહાર પાડવામાં આવે તે ગામો.

| અ.નં. | તાલુકાનું નામ | ગામનું નામ | કેટેગરી |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |

# પરિશિષ્ટ – બ

**<u>શિક્ષિત બેરોજગારની કેટેગરી માટે :–</u>**

અરજી ક્રમાંક : ૨૦૧૦
(કચેરીના ઉપયોગ માટે)

સ્ટેમ્પ

પાસપોર્ટ
સાઈઝ
નો ફોટો
અહી
લગાવવો.

પ્રતિ,
જીલ્લા પુરવઠા અધિકારીશ્રી,/નાયબ અન્ન નિયંત્રકશ્રી,
કલેકટરશ્રીની કચેરી/ અન્ન નિયંત્રકશ્રીની કચેરી,
(તાલુકા માટે) (મામલતદારશ્રી મારફતે)

વિષય :– પંડિત દિનદયાલ ગ્રાહક ભંડાર યોજના (સરકાર માન્ય વાજબી ભાવની દુકાનો) માટેનું અરજી ફોર્મ.
સંદર્ભ :– કલેકટરશ્રી,...................દ્વારા તા...../......./.......ના રોજ બહાર પાડવામાં આવેલ જાહેરનામુ.

ઉપરોક્ત વિષય અને જાહેરનામા સંદર્ભ અન્વયે,હું નીચે દર્શાવેલ વિગતોએ વાજબી ભાવની દુકાન ખોલવા ઈચ્છુ છું.

૧. અરજદારનું પુરૂ નામ :– અટક..........નામ....................પિતા/પતિનું નામ.........

જન્મ તારીખ :–..../..../.......... ઉંમર (વર્ષ) :–.................

મોબાઈલ નંબર :...............ઈમેલ :..................ફોન નંબર :.................

રહેણાંકનું સરનામું :–

ઘર નં :............શેરી/મહોલ્લો/ફળીયું :................ગામ :.......................

તાલુકો :.....................જીલ્લો :..........................

બેંકનો ખાતા નં.:...............બેંકનું નામ :..................સ્થળ :.................

૨. અરજદારની કેટેગરી :– એસ.ટી ☐ એસ.સી ☐ એસ.ઈ.બી.સી ☐ અન્ય ☐

૩. ઉપર (૨) અંગે સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર રજુ કરેલ છે ? હા ☐ ના ☐

૪. અરજદારની શૈક્ષણિક લાયકાત :–

| અભ્યાસ | બોર્ડ/યુનિવર્સિટી | મેળવેલગુણ | કુલ ગુણ | ટકાવારી | પ્રયત્ન |
|---|---|---|---|---|---|
| ૧.એસ.એસ.સી | | | | | |
| ૨.એચ.એસ.સી | | | | | |
| ૩.એફ.વાય,એસ.વાય (બી.એ./બી.કોમ ગમે તે વિદ્યાશાખાના) | | | | | |
| ૪.સ્નાતક (બી.એ./બી.કોમ તથા અન્ય શાખામાં સ્નાતક) | | | | | |
| ૫.અનુસ્નાતક (એમ.એ/એમ.કોમ તથા અન્ય શાખામાં અનુસ્નાતક) | | | | | |
| અન્ય ............... | | | | | |

## પત્રક–૧

## –: દુકાનના સંચાલન અર્થે અરજદાર/તોલાટ/સહાયકની વિગતો :–

| અ. નં. | નામઃ– અટક નામ પિતા/પતિનું નામ | સંસ્થામાં જોડાયાની તારીખ | જન્મ તારીખ અથવા ૧/૧/૧૦ ની તારીખે ઉંમર વર્ષ | સ્ત્રી / પુરૂષ | સંસ્થામાં હોદ્દો | અભ્યાસ માત્ર નંબર લખવો... * | ધંધો/વ્યવસાયનો પ્રકાર માત્ર નંબર લખવો..# | વાર્ષિક આવક રૂા. | ચુટણીકાર્ડ નંબર | રેશનકાર્ડ નંબર | વિકલાંગ હોય તો તેનો પ્રકાર + |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **A** | **B** | **C** | **D** | **E** | **F** | **G** | **H** | **I** | **J** | **K** | **L** |
| ૧. | | | | | | | | | | | |
| ૨. | | | | | | | | | | | |
| ૩. | | | | | | | | | | | |
| ૪. | | | | | | | | | | | |

* (૧) બિલકુલ નિરક્ષર (અભણ) તેની સામે
(૨) ધો.૧ થી ૭ સુધી ભણેલા તેની સામે
(૩) ધો.૧૦ સુધી (ધો.૧૦ નાપાસ)
(૪) ધો.૧૦ થી ધો.૧૨ સુધી
(૫) ધો.૧૨ પાસ
(૬) ધો. ૧૦ થી ૧૨ બાદ સર્ટિફિકેટ ફિપ્લોમાં
(૭) સ્નાતક/અનુ સ્નાતક (આર્ટસ,કોમર્સ,સાયન્સ)
(૮) ટેકનીકલ સ્નાતક,એમ.બી.એ,કાયદા સ્નાતક

# (૧) ખેતી
(૨) ધંધો/વેપાર/વ્યવસાય
(૩) ઉદ્યોગકાર
(૪) કારીગર
(૫) પ્રોવીડન્ડ ફંડ સાથેની નોકરી એટલે કે (સરકારી/ખાનગી/સંગઠિત ક્ષેત્રની નોકરીઓ)
(૬) પ્રોવીડન્ડ ફંડ વગરની નોકરી એટલે કે,(અસંગઠિત ક્ષેત્રમાં નોકરી દા.ત.નાના ખાનગી એકમો)
(૭) અન્ય.

+ (૧) અંધ
(૨) હાડકાની ખામી
(૩) મુકબધીર
(૪) મંદબુદ્ધિ

આથી હું જાહેર કરુ છું કે ઉપર જણાવેલ વિગતો/હકીકત મારી જાણકારી અને માન્યતા મુજબ સંપૂર્ણ સાચી છે.

.....................
**અરજદારની સહી**

અરજદારનું નામ :–.......................................

૫. જે વાજબી ભાવની દુકાન ખોલવાની હોય તેની વિગત :–

સ્થળ :.............ગામ/શહેર :............તાલુકો :...........જીલ્લો............

૬. અરજદાર શિક્ષિત બેરોજગાર હોવા અંગે રોજગાર વિનિમય કચેરીનો દાખલો રજુ કરેલ છે ? હા ☐ ના ☐

૭. રોજગાર વિનિમય કચેરી ખાતેના રજીસ્ટ્રેશન નંબર ☐

૮. અરજદાર મહિલા હોય તો વિધવા છે કે કેમ ? હા ☐ ના ☐

૯. રાજ્ય સરકાર તરફથી વિધવા સહાય મળે છે કે કેમ ? (પુરાવા સામેલ રાખવા) હા ☐ ના ☐

૧૦. સૂચિત વાજબીભાવની દુકાન માટેના સ્થળની વિગત :–

૧૦.૧. દુકાન પોતાની માલિકીની છે કે કેમ ? હા ☐ ના ☐

૧૦.૨. દુકાન પોતાની માલિકીની હોય તો તેની વિગત :–

| ઘર/મકાન નં. | સરનામુ | ક્ષેત્રફળ(ચો.મી) |
|---|---|---|
| | શેરી મહોલ્લો....................<br>ગામ...........તાલુકો........... | |

૧૦.૩. દુકાન ભાડાની હોય તો તેની વિગત :–

| મકાન માલિકનું નામ | ઘર/મકાન નં. | સરનામુ | ક્ષેત્રફળ(ચો.મી) |
|---|---|---|---|
| | | શેરી મહોલ્લો....................<br>ગામ...........તાલુકો........... | |

૧૧. સૂચિત વાજબીભાવની દુકાનના સંચાલન અર્થે અરજદારે તેના સંચાલક/મેનેજર/સહાયકની વિગતો આ સાથેના સામેલ પત્રકમાં દર્શાવેલ લાગુ પડતી વિગતો ફરજીયાત આપવાની રહેશે.

૧૨. વાજબી ભાવની દુકાનના સંચાલન માટે કેટલી મુડી ધરાવો છો ? રૂા. ☐
(ઓછામાં ઓછી રૂા.૨૫,૦૦૦/–ની મુડી જરૂરી છે.)

૧૩. અગાઉ આપ અથવા આપના કુટુંબીજન વાજબી ભાવની દુકાન ધરાવતા હતા કે કેમ ?હા ☐ ના ☐

અગર 'હા' તો વાજબી ભાવની દુકાનનો લાયસન્સ નંબર :–.........ગામ.......તા.......જી.......

દુકાન શરૂ કર્યાની તારીખ :–................................

દુકાન બંધ કર્યાની તારીખ :–................................

બંધ થવાના કારણો :–.......................................................................

૧૪. આવશ્યક ચીજવસ્તુ ધારા,૧૯૫૫ હેઠળ અથવા તે હેઠળના આદેશો હેઠળ અરજદાર અથવા તેમના નજીકના કુટુંબીજન અગાઉ ન્યાય કોર્ટમાં દોષિત ઠર્યા છે કે કેમ ? હા ☐ ના ☐

અથવા તેની સામે ખાતાકીય રાહે પગલાં લેવાયા છે કે કેમ ? જો 'હા' તો તેની વિગત આપવી.

..............................................................................

..............................................................................

..............................................................................

૧૫. રાજયના અન્ય કોઈ કાયદા વિગેરે અન્વયે આપની સામે કોઈ કોર્ટ રાહે પગલાં લેવામાં આવેલ છે. કે કેમ ? હા ☐ ના ☐

જો 'હા' તો તેની વિગત આપવી. થયેલ શિક્ષાની માહિતી આપવી.

.......................................................................................

.......................................................................................

૧૬. અરજદાર પોતે અથવા તેમના કુટુંબની કોઈ વ્યકિત હાલ કોઈ જગ્યાએ વાજબી ભાવની દુકાન ધરાવે છે કે કેમ ? હા ☐ ના ☐ જો 'હા' તો તેનું

નામ :–..................................અરજદાર સાથેનો સંબંધ :–................

દુકાનોનું સ્થળ :–...................ગામ...........તાલુકો..........જિલ્લો...........

૧૭. અરજદાર અન્ય વ્યવસાય કરે છે ? હા ☐ ના ☐

જો 'હા' તો વિગતો આપવી. નોકરી :–....................ધંધો :–......................

૧૮. અરજદાર ભારતીય નાગરિક છે ? હા ☐ ના ☐

૧૯.૧. અરજદાર જે તે ગામે ૧૦ વર્ષથી સ્થાનિક રહેવાસી છે કે કેમ ? હા ☐ ના ☐

૧૯.૨. જો 'હા' તો તે માટે નિયત નમુનામાં સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજુ કરેલ છે ?

મામલતદારશ્રી ☐

૨૦. નિયત નમુના મુજબનું સોગંદનામું રજૂ કરે છે ? હા ☐ ના ☐

તા....../....../૨૦૧ .....................

સ્થળ :–........... ( અરજદારની સહી )

**<u>ખાસ સુચનાઓ :–</u>**

૧. અરજદારની ઉંમર વર્તમાનપત્રમાં જાહેરાત આપ્યાની તારીખે ૧૮ વર્ષથી ઓછી હોવી જોઈએ નહી.

૨. અરજદારની ઉંમર વર્તમાનપત્રમાં જાહેરાત આપ્યાની તારીખે ૩૫ વર્ષથી વધુ હોવી જોઈએ નહી.

૩. અરજદાર શિક્ષિત બેરોજગાર છે તે સંબંધમાં રોજગાર વિનિમય કચેરીનો દાખલો સામેલ હોવો જોઈએ.

૪. અરજદાર દુકાન માટે જગ્યા ધારણ કરતા હોય તેના જરૂરી આધારિત પુરાવા સામેલ કરવા.

૫. અરજદાર દુકાનના સંચાલન માટે મુડી રોકાણ કરી શકે તેવી આર્થિક સદ્ધરતાના સંદર્ભમાં પુરાવા સામેલ કરવા.

૬. સ્થાનિક રહેવાસી તરીકે જે તે ગામે છેલ્લાં દસ વર્ષથી રહેતા હોવા બદલનું મામલતદારશ્રીનું ડોમીસાઈલ સર્ટીફીકેટ રજુ કરવું.

૭. શિક્ષિત બેરોજગાર હોવા બાબતે અને કોઈપણ નોકરી/વ્યવસાય ધરાવતા નથી તેમજ કોઈપણ આવક ધરાવતા નથી.તે અંગે ઉમેદવારનું એફિડેવીટ.

૮. વિધવા હોય તો વિધવાના સહાય મેળવતા હોવાનો અથવા અન્ય કોઈ પુરાવો રજુ કરવો.

૯. અરજદાર જો વિકલાંગ હોય તો વિકલાંગતાનો પુરાવો રજુ કરવો.

૧૦.અરજીપત્રકની સાથે ચેકલીસ્ટ બીડેલ છે.તે મુજબ તમામ વિગતોની અરજદારે ખરાઈ કરી લેવાની રહેશે.ચેકલીસ્ટ અરજદારની અરજીપત્રક ભરવામાં ભૂલ ન થાય અને અધૂરી વિગતો સાથે રજૂ ન થાય તે માટે છે.

# <u>સોગંદનામું</u>

હું ........................................ ઉંમર વર્ષ ........ ધંધો ....... રહેવાસી ........................................ ગામ ............ તા. જિ. ................... આથી સોગંદપૂર્વક જાહેર કરૂ છું કે મેં કલેકટર સાહેબ ............. ............. ને તા. ................ જિ. ................. ગામ ............... તા. .............. જિલ્લા ખાતે નવી વાજબી ભાવની દુકાન ખોલવા માટે આપેલી જાહેરાત અનુસંધાને હું શિક્ષિત બેરોજગાર તરીકે ઉમેદવારી નોંધાવું છું. હું સોગંદપૂર્વક જણાવુ છું કે હું હાલમાં શિક્ષિત બેરોજગાર છું અને મેં શિક્ષિત બેરોજગાર તરીકેની નોંધણી રોજગાર વિનિમય કચેરી ................... તા. .............. જિ. ................. ખાતે રજીસ્ટ્રેશન નં. ................. તા. .............. કરાવેલ છે. આથી હું જાહેર કરૂ છું કે સસ્તા અનાજની દુકાન માટે અરજી કરવાની તારીખે હું કોઈપણ પ્રકારની નોકરી કે વ્યવસાય કરતો નથી, તેમજ કોઈપણ જાતની આવક ધરાવતો નથી. વધુમાં જાહેર કરૂ છું કે મારા કુટુંબમાં કોઈ પણ સભ્ય સરકારશ્રી તરફથી મળેલ વાજબી ભાવની દુકાન ધારણ કરતા નથી.

આ સોગંદનામું ................... ગામે સસ્તા અનાજની દુકાન મેળવવા માટે મેં કરેલ છે અને ઉપર જણાવેલ તમામ બાબતો સત્ય હોવાનું સોગંદપૂર્વક જાહેર કરૂ છું અને ઉપર જણાવેલ કોઈ પણ બાબત ખોટી પૂરવાર થશે તો પોલીસ કેસ સહિતની કાયદેસરની કાર્યવાહી મારી સામે હાથ ધરી શકાશે અને ખોટું સોગંદનામું કરવું તે ગુનો બને છે તે હું જાણું છું.

તારીખ :                                        સહી ......................

# <u>સ્થાનિક રહેવાસી હોવા અંગેનું પ્રમાણપત્ર</u>

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી ........................................ .......... રહેવાસી .................................................................. તા. ................... જિ. ................... એ નીચે રજુ કરેલ હકીકતથી ખાત્રી કરવામાં આવેલ છે કે તેઓ મોજે ........................ તા. ......................... જિલ્લો ............................ છેલ્લાં ૧૦ (દસ) વર્ષથી રહે છે.

(૧) અરજદાર ઉપરોકત સ્થળે ૧૦ (દસ) વર્ષથી કુટુંબ સાથે રહે છે.

(૨) અરજદાર ઉપરોકત સ્થળે ૧૦ (દસ) વર્ષથી રહેતા હોય એ મતલબનું તલાટી કમ મંત્રીશ્રી ....................................... નું તા. / /૨૦૧૦ ના રોજ આપેલ પ્રમાણપત્ર રજુ કરેલ છે.

(૩) વેરા પાવતી રજુ કરેલ છે.

(૪) સોગંદનામું રજુ કરેલ છે.

સદરહુ પ્રમાણપત્ર સરકારશ્રીના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : વભદ/૧૦૨૦૦૬/એસસી/૩૫૯/ક, તા. ૦૪/૦૨/૨૦૦૬ અને તા. ................... આધારે નવીન વાજબી ભાવની દુકાન મેળવવાના કામે આપવામાં આવે છે.

મામલતદારશ્રી,

............... તાલુકો

# <u>અરજી સંપૂર્ણ રીતે ભરાયેલ છે તેની ખાતરી કરવા માટેનું</u>
# <u>શૈક્ષણિક બેરોજગાર માટેનું ચેકલિસ્ટ</u>

| | | |
|---|---|---|
| ૧. | અરજી પત્રકની તમામ કોલમમાં માહિતી સંપૂર્ણ ભરેલ છે ? | હા / ના |
| ૨. | જન્મના / ઉંમરના આધાર માટે સ્કુલ લીવીગ સર્ટીફીકેટ સામેલ કરેલ છે ? | હા / ના |
| ૩. | બેરોજગાર હોવા અંગે રોજગાર વિનિમય કચેરીનો દાખલો સામેલ કરેલ છે ? | હા / ના |
| ૪. | શૈક્ષણિક લાયકાત અંગેની તમામ માર્કશીટ બીડેલ છે ? | હા / ના |
| ૫. | દુકાન માટેની જગ્યા ધારણ કરતા હોવાના પુરાવા રજુ કરેલ છે ? | હા / ના |
| ૬. | સ્થાનિક રહેવાસી હોવા અંગે નિયત નમુનામાં પ્રમાણપત્ર રજુ કરેલ છે ? | હા / ના |
| ૭. | આવક ધરાવતા ન હોવા અંગેનું નિયત નમુનાનું પ્રમાણપત્ર બિડેલ છે ? | હા / ના |
| ૮. | વિધવા હોય તો વિધવા સહાયનો કે અન્ય પુરાવો રજુ કરેલ છે ? | હા / ના |
| ૯. | વિકલાંગ હો તો વિકલાંગતા માટેનું તબીબી પ્રમાણપત્ર બિડેલ છે ? | હા / ના |
| ૧૦. | જરૂરી આર્થિક સધ્ધરતા માટેના પુરાવા રજુ કરેલ છે ? | હા / ના |
| ૧૧. | રૂા.૨૦/– ની કિંમતનો નોન–જયુડીશ્યલ એડહેસીવ સ્ટેમ્પ લગાવેલ છે ? | હા / ના |

સ્થળ : .................

તારીખ : ............... (અરજદારની સહી)

............................

(અરજદારનું નામ)

............................

# પરિશિષ્ટ – ક

**<u>સ્વ સહાયજુથ/સહકારી મંડળી માટે :–</u>**

અરજી ક્રમાંક : ૨૦૧૦
(કચેરીના ઉપયોગ માટે)

સ્ટેમ્પ

પાસપોર્ટ
સાઈઝ
નો ફોટો
અહી
લગાવવો.

પ્રતિ,

જીલ્લા પુરવઠા અધિકારીશ્રી,/નાયબ અન્ન અને નિયંત્રકશ્રી,

કલેકટરશ્રીની કચેરી/ અન્ન નિયંત્રકશ્રીની કચેરી,

(તાલુકા માટે) (મામલતદારશ્રી મારફતે)

વિષય :– પંડિત દિનદયાલ ગ્રાહક ભંડાર યોજના (સરકાર માન્ય વાજબી ભાવની દુકાનો) માટેનું અરજી ફોર્મ.

સંદર્ભ :– કલેકટરશ્રી,...................દ્વારા તા...../......./.......ના રોજ બહાર પાડવામાં આવેલ જાહેરનામુ.

અમો (સહકારી મંડળી/સ્વસહાય જુથ)...........................ગામે/શહેરમાં વાજબી ભાવની દુકાન ખોલવા ઈચ્છીએ છીએ.અમારી વિગત નીચે મુજબ છે.

૧. સ્વસહાય જુથ/સહકારી મંડળીનું પુરેપરું નામ અને સરનામુ :–............................

મોબાઈલ નંબર :..............ઈમેલ :.................ફોન નંબર :.................

સરનામું :–

ઘર નં :...........શેરી/મહલ્લો/ફળયું :................જીલ્લો :.......................

બેંકનો ખાતા નં.:..............બેંકનું નામ :.................સ્થળ :.................

૨. સ્થાપના/રચનાની તારીખ :– ☐

૩. નોંધણી/રજીસ્ટ્રેશન નંબર :– ☐

૪. મંડળી/સ્વ સહાયજુથના પેટા નિયમમાં આવી દુકાન ચલાવવાની જોગવાઈ કરવામાં આવેલ છે કે કેમ ? હા ☐ ના ☐

૫. મંડળી/સ્વ સહાયજુથનું કાર્યક્ષેત્ર કયા વિસ્તાર માટેનું છે ?

ગામ :– ☐ તાલુકો :– ☐ જીલ્લો :– ☐

૬. મંડળી/સ્વ સહાયજુથ શું શું કામગીરી કયારથી કરે છે તે સ્પષ્ટ દર્શાવવું.

૧...............................................................
૨...............................................................
૩...............................................................
૪...............................................................
૫...............................................................

# દુકાનના સંચાલન અર્થે અરજદાર સ્વસહાય જૂથ કે સહકારી મંડળીના પ્રમુખ/મંત્રી/સંચાલક/મેનેજર/સહાયકની વિગતો

| અ. નં. | નામઃ–<br>અટક નામ પિતા/પતિનું નામ | સંસ્થામાં જોડાયાની તારીખ | જન્મ તારીખ અથવા જાહેરાત ની તારીખે ઉંમર વર્ષ | સ્ત્રી / પુરૂષ | સંસ્થામાં હોદ્દો | અભ્યાસ માત્ર નંબર લખવો... * | ધંધો/વ્યવસાય.માત્ર નંબર લખવો # | વાર્ષિક આવક રૂા. | ચુટણીકાર્ડ નંબર | રેશનકાર્ડ નંબર | વિકલાંગ હોય તો પ્રકાર + |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **A** | **B** | **C** | **D** | **E** | **F** | **G** | **H** | **I** | **J** | **K** | **L** |
| ૧. | | | | | | | | | | | |
| ૨. | | | | | | | | | | | |
| ૩. | | | | | | | | | | | |
| ૪. | | | | | | | | | | | |
| ૫. | | | | | | | | | | | |
| ૬. | | | | | | | | | | | |
| ૭. | | | | | | | | | | | |
| ૮. | | | | | | | | | | | |
| ૯. | | | | | | | | | | | |
| ૧૦. | | | | | | | | | | | |
| ૧૧. | | | | | | | | | | | |
| ૧૨. | | | | | | | | | | | |
| ૧૩. | | | | | | | | | | | |
| ૧૪. | | | | | | | | | | | |
| ૧૫. | | | | | | | | | | | |

* (૧) બિલકુલ નિરક્ષર (અભણ) તેની સામે
(૨) ધો.૧ થી ૭ સુધી ભણેલા તેની સામે
(૩) ધો.૧૦ સુધી (ધો.૧૦ નાપાસ)
(૪) ધો.૧૦ થી ધો.૧૨ સુધી
(૫) ધો.૧૨ પાસ
(૬) ધો. ૧૦ થી ૧૨ બાદ સર્ટિફિકેટ ડિપ્લોમાં
(૭) સ્નાતક/અનુ સ્નાતક (આર્ટસ,કોમર્સ,સાયન્સવિગેરે)
(૮) ટેકનીકલ સ્નાતક,એમ.બી.એ,કાયદા સ્નાતક

# (૧) ખેતી
(૨) ધંધો/વેપાર/વ્યવસાય
(૩) ઉદ્યોગકાર
(૪) કારીગર
(૫) પ્રોવીડન્ડ ફંડ સાથેની નોકરી એટલે કે (સરકારી/ખાનગી/સંગઠિત ક્ષેત્રની નોકરીઓ)
(૬) પ્રોવીડન્ડ ફંડ વગરની નોકરી એટલે કે,(અસંગઠિત ક્ષેત્રમાં નોકરી દા.ત.નાના ખાનગી એકમો)
(૭) અન્ય.

+(૧) અંધ
(૨) હાડકાની ખામી
(૩) મુકબધીર
(૪) મંદબુદ્ધિ

આથી હું જાહેર કરુ છું કે ઉપર જણાવેલ વિગતો/હકીકત મારી જાણકારી અને માન્યતા મુજબ સંપૂર્ણ સાચી છે. ....................

**(સહી)**

૧. સ્વસહાય જુથ } વહીવટ કર્તાનું નામ :–...................................
૨. સહકારી સંસ્થા }

૭. સહકારી મંડળીનો ઓડિટ વર્ગ :– અ ☐ બ ☐ ક ☐

૮. સ્વ સહાયજુથ :– ૧. ગ્રેડીંગની વિગત :– પ્રથમ ☐ દ્વિતિય ☐

૨.રીવોલ્વીગ ફંડ મળેલ છે કે કેમ ? હા ☐ ના ☐

૯. સ્વસહાય જુથના તમામ સભ્યો મહિલા છે કે કેમ ? હા ☐ ના ☐

૧૦. સ્વસહાય જુથની કેટેગરીની વિગતો :– એસ.ટી ☐ એસ.સી. ☐ એસ.ઈ.બી.સી. ☐ અન્ય ☐

૧૧. જીલ્લા ગામ વિકાસ એજન્સી તરફથી નોંધણી અંગેનું પ્રમાણપત્ર મેળવેલ છે ? હા ☐ ના ☐

૧૧.A નિયત નમુના મુજબનું પ્રમાણપત્ર જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી પાસેથી મેળવી રજુ કરેલ છે ? હા ☐ ના ☐

૧૨. સૂચિત વાજબીભાવની દુકાનના સંચાલન અર્થે અરજદાર સ્વસહાય જુથ/સહકારી મંડળી હોય તો તેના પ્રમુખ/મંત્રી/સંચાલક/મેનેજર/સહાયક અને કારોબારીના સભ્યોની વિગતો સામેના પાને રાખેલ પત્રકમાં દર્શાવેલ લાગુ પડતી વિગતો ફરજીયાત આપવાની રહેશે.

૧૩. સૂચિત વાજબીભાવની દુકાન માટેના સ્થળની વિગત :–

૧૩.૧. દુકાન પોતાની માલિકીની છે કે કેમ ? હા ☐ ના ☐

૧૩.૨. દુકાન પોતાની માલિકીની હોય તો તેની વિગત :–

| ઘર/મકાન નં. | સરનામુ | ક્ષેત્રફળ(ચો.મી) |
|---|---|---|
| | શેરી મહોલ્લો....................<br>ગામ............તાલુકો............ | |

૧૩.૩. દુકાન ભાડાની હોય તો તેની વિગત :–

| મકાન માલિકનું નામ | ઘર/મકાન નં. | સરનામુ | ક્ષેત્રફળ(ચો.મી) |
|---|---|---|---|
| | | શેરી મહોલ્લો....................<br>ગામ...........તાલુકો........... | |

૧૪. વાજબી ભાવની દુકાનના સંચાલન માટે કેટલી મુડી ધરાવો છો ? રૂા.
(ઓછામાં ઓછી રૂા.૨૫,૦૦૦/–ની મુડી જરૂરી છે.)

૧૫. અગાઉ વાજબી ભાવની દુકાન ધરાવતા હતા કે કેમ ? હા ☐ ના ☐

અગર 'હા' તો વાજબી ભાવની દુકાનનો લાયસન્સ નંબર :–..............................

દુકાન શરૂ કર્યાની તારીખ :–.................................

દુકાન બંધ કર્યાની તારીખ :–.................................

બંધ થયાના કારણો :–...................................................

૧૬. આવશ્યક ચીજવસ્તુ ધારા,૧૯૫૫ હેઠળ અથવા તે હેઠળના અન્ય આદેશ હેઠળ અરજદાર અગાઉ ન્યાય કોર્ટમાં દોષત ઠર્યા છે કે કેમ ? હા ☐ ના ☐

અથવા તેની સામે ખાતાકીય રાહે પગલાં લેવાયા છે કે કેમ ? જો 'હા' તો તેની વિગત આપવી.

.........................................................................

.........................................................................

૧૭. રાજયના અન્ય કોઈ કાયદા વિગેરે અન્વયે આપની સામે કોર્ટ રાહે કોઈ પગલાં લેવામાં આવેલ છે.

કે કેમ ? હા ☐ ના ☐

જો ‘હા’ તો તેની વિગત આપવી. થયેલ શિક્ષાની માહિતી આપવી.

.........................................................................................

.........................................................................................

૧૮. અરજદાર સહ.મંડળી/સ્વસહાય જુથ હાલ કોઈ જગ્યાએ વાજબી ભાવની દુકાન ધરાવે છે કે કેમ ?

હા ☐ ના ☐ જો ‘હા’ તો તેનું

નામ :–..................................અરજદાર સાથેનો સંબંધ :–.................

દુકાનોનું સ્થળ :–....................ગામ...........તાલુકો...........જિલ્લો............

૧૯. અરજદાર મંડળી/સ્વસહાય જુથનો અન્ય કોઈ ધંધો/વ્યવસાય છે કે કેમ ? હા ☐ ના ☐

જો‘હા’ તો ધંધા/વ્યવસાયનું સ્થળ તથા છેલ્લાં ત્રણ વર્ષના ટર્નઓવર અને નફાની વિગત આપવી.

| વર્ષ | સ્થળ | ટર્ન ઓવર | નફો (રૂા.માં) |
|---|---|---|---|
| વર્ષ–૧ | | | |
| વર્ષ–૨ | | | |
| વર્ષ–૩ | | | |

૨૦. નિયત નમુના મુજબનું સોગંદનામુ રજૂ કરેલ છે ? હા ☐ ના ☐

તા....../....../૨૦૧
સ્થળ :–............

........................
સ્વ સહાયજુથ/સહ.મંડળીના
સંચાલક/વહીવટકર્તાની સહી

<u>ખાસ સુચનાઓ :–</u>

૧. સ્વ સહાયજુથ/મંડળી દુકાન માટે જગ્યા ધારણ કરતા હોય તેના જરૂરી આધારિત પુરાવા સામેલ કરવા.

૨. સ્વ સહાયજુથ/મંડળી દુકાનના સંચાલન માટે મુડી રોકાણ કરી શકે તેવી આર્થિક સદ્ધરતાના સંદર્ભમાં પુરાવા સામેલ કરવા.

૩. સ્વ સહાયજૂથ/મંડળી રજીસ્ટ્રેશનનો સક્ષમ સતાનો પુરાવો.

૪. સ્વ સહાયજુથ–૧ વર્ષથી કાર્યરત હોય તો જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીનું પ્રમાણપત્ર.

૫. મંડળીના કિસ્સામાં ઓડીટ પ્રમાણપત્ર.

૬. અરજીપત્રકની સાથે ચેકલીસ્ટ બીડેલ છે.તે મુજબ તમામ વિગતોની અરજદારે ખરાઈ કરી લેવાની રહેશે.ચેકલીસ્ટ અરજદારની અરજીપત્રક ભરવામાં ભૂલ ન થાય અને અધૂરી વિગતો સાથે રજૂ ન થાય તે માટે છે.

# <u>સોગંદનામું</u>

હું ........................................ ઉંમર વર્ષ ........ ધંધો ....... રહેવાસી .......................................... ગામ ............ તા. .......... જિ. ................... આથી સોગંદપૂર્વક જાહેર કરૂ છું કે મેં કલેકટર સાહેબ ............. ............. ને તા. ................ જિ. ................. ગામ .............. તા. .............. જિલ્લા ખાતે નવી વાજબી ભાવની દુકાન ખોલવા માટે આપેલી જાહેરાત અનુસંધાને સહકારી મંડળી / સ્વસહાય જુથ તરીકે ઉમેદવારી નોંધાવું છું. સહકારી મંડળી / સ્વસહાય જુથ સરકારશ્રીની નીતિ મુજબ સક્ષમ સત્તા સમક્ષ નોંધણી કરાવેલ છે અને અમારી સંસ્થા છેલ્લાં ૩ વર્ષમાં કોઈ પણ કાયદા હેઠળ ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાયેલ નથી.

આ સોગંદનામું .................... ગામે સસ્તા અનાજની દુકાન મેળવવા માટે મેં કરેલ છે અને ઉપર જણાવેલ તમામ બાબતો સત્ય હોવાનું સોગંદપૂર્વક જાહેર કરૂ છું અને ઉપર જણાવેલ કોઈ પણ બાબત ખોટી પૂરવાર થશે તો પોલીસ કેસ સહિતની કાયદેસરની કાર્યવાહી મારી સામે હાથ ધરી શકાશે અને ખોટું સોગંદનામું કરવું તે ગુનો બને છે તે હું જાણું છું.

તારીખ : સહી ......................

# <u>પ્રમાણપત્ર</u>

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે .......................................... સ્વસહાય જુથ, સરનામુ ............................................................... તા. ..................... થી રજીસ્ટ્રેશન નંબર ..................... થી આ જીલ્લામાં સ્વસહાય જુથ તરીકે નોંધાયેલ છે અને ત્યારથી આજદિન સુધી સતત કાર્યરત છે. સદર સ્વસહાય જુથનું ગ્રેડીંગ ................ કક્ષામાં થયેલ છે અને તેને રૂા. ..................... નું રીવોલ્વીંગ ફંડ તા. .................. ના રોજ મળેલ છે. આ સ્વસહાય જુથ ........... ......................પ્રકારની પ્રવૃતિ કરે છે.

તારીખ :–
સ્થળ :–

નિયામક
જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી
......................

## અરજી સાથે રજુ કરવાનું સ્વસહાય જૂથ / સહકારી મંડળીઓ માટેનું ચેકલિસ્ટ

| | | |
|---|---|---|
| ૧. | અરજી પત્રકની તમામ કોલમમાં માહિતી સંપૂર્ણ ભરેલ છે ? | હા / ના |
| ૨. | જન્મના / ઉંમરના આધાર માટે સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ સામેલ કરેલ છે ? | હા / ના |
| ૩. | સ્વસહાય જૂથના પ્રમુખ / મંત્રી / સંચાલક ની શૈક્ષણિક લાયકાત અંગેની તમામ માર્કશીટ બીડેલ છે ? | હા / ના |
| ૪. | દુકાન માટેની જગ્યા ધારણ કરતા હોવાના પુરાવા રજુ કરેલ છે ? | હા / ના |
| ૫. | જરૂરી આર્થિક સધ્ધરતા માટેના પુરાવા રજુ કરેલ છે ? | હા / ના |
| ૬. | નિયત નમુનામાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીનું પ્રમાણપત્ર બીડેલ છે ? | હા / ના |
| ૭. | સ્વસહાય જૂથના નોંધણી ગ્રેડીંગ, કેટેગરી, રીવોલ્વીંગ ફંડ અંગે પુરાવા બીડેલ છે ? | હા / ના |
| ૮. | છેલ્લાં ત્રણ વર્ષના ટર્ન ઓવર અને નફાની વિગતો બીડેલ છે ? | હા / ના |
| ૯. | સહકારી મંડળીએ નોંધણી, ઓડીટ વર્ગ અંગેના પુરાવા બીડેલ છે. | હા / ના |
| ૧૦. | રૂા.૨૦/– ની કિંમતનો નોન–જ્યુડીશ્યલ એડહેસીવ સ્ટેમ્પ લગાવેલ છે ? | હા / ના |

સ્થળ : .................

તારીખ : ...............

(અરજદારની સહી) ............................

(અરજદારનું નામ) ............................